Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com



॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર

Mo- 9016924808

સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 27,(SURAT), DATE-25/12/2024, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૨૭, (સુરત), તા.૨૫/૧૨/૨૦૨૪ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 ધર્મનું અધૂરું જ્ઞાન અધર્મ તરફ દોરે છેઃ મોહન ભાગવત

3 પલસાણાની સગીરાને લગ્નની લાલચે પીંખીઃમાસૂમને ગર્ભવતી બનાવી

4 ભરૂચ જિલ્લાના સાયખાના ૭ વર્ષિય વિહાનસિંહે કરાટેમાં ગોલ્ડ મેડલ મેળવ્યો

## શ્રી ક્ષત્રિય યુવક સંઘના ૭૯માં સ્થાપના દિનની ભવ્ય ઉજવણી

### ગુજરાત રાજ્ય સહિત દેશભરમાં ૨૦૦ થી વધુ સ્થળોએ વિવિધ કાર્યક્રમો યોજાયા

ભાવનગર- શ્રી ક્ષત્રિય યુવક સંઘના ૭૯ માં સ્થાપના દિવસની ૨૨ ડિસેમ્બરના રોજ ગુજરાત સહિત દેશભરમાં ૨૦૦ થી વધુ સ્થળોએ કાર્યક્રમો યોજી ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સમાજના સભ્યો અને સ્વયંસેવકોએ આદરણીય શ્રી તનસિંહજી ના મૂલ્યોને આત્મસાત કરવા અને સંઘના માર્ગે ચાલીને સામાજિક એકતા મજબૂત કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. બાડમેરના આલોક આશ્રમ ખાતે સંઘ સંરક્ષક ભગવાનસિંહ જીરોલસાહબાસર -ની હાજરી માં સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બાડમેર ખાતે સ્વયંસેવકોને



સંબોધતા સંઘ સંરક્ષકશ્રીએ ! ૨૨ મી ડિસેમ્બરથી દિવસનો સમયગાળો વધવા લાગે છે. જેથી આદરણીય શ્રી તનસિંહજી એ શ્રી ક્ષત્રિય યુવક સંઘની સ્થાપના કરવા માટે આ દિવસ પસંદ કર્યો જેથી સંઘનો વિકાસ થતો રહે તેમ જણાવ્યું હતું.

રાજસ્થાનના ચિત્તોડગઢમાં માનનીય સંઘ પ્રમુખશ્રી લક્ષ્મણ સિંહ બૈન્યકાબાસની હાજરીમાં આયોજીત કાર્યક્રમમાં સંઘ પ્રમુખે કહ્યું કે આજે આપણે સમાજના આર્થિક અને રાજકીય પતનની ચિંતા કરીએ છીએ. પરંતુ મૂલ્યોના પતન વિશે વિચારતા નથી.ક્ષત્રિયના મૂલ્યો અને ગુણોને અપનાવ્યા વિના આપણે ક્ષત્રિય તરીકે ટકી શકતા નથી. તેથી જ સંઘ ૭૮ વર્ષથી યુવાનોમાં ક્ષત્રિય આધારિત મૂલ્યો વિકસાવવામાં સતત વ્યસ્ત છે. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે આપણા પૂર્વજોએ સમાજ, રાષ્ટ્ર અને ધર્મની રક્ષા માટે નિઃસ્વાર્થપણે પોતાના જીવનનું બલિદાન આપ્યું હતું

આપણે પણ તેમની પાસેથી પ્રેરણા લઈને પોતાની અંદર ત્યાગ અને ત્યાગની ભાવના જાગૃત કરવી પડશે તેમ જણાવ્યું હતું. જયપુરમાં સંઘશક્તિના કેન્દ્રીય કાર્યાલયમાં પણ એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વરિષ્ઠ સ્વયંસેવકો મહાવીર સિંહ સુરવાડી, દિપસિંહ બૈન્યાકબાસ અને કેન્દ્રીય કાર્યકારી ગજેન્દ્રસિંહ ઔઉ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતમાં પીપરીયા (હાલાર પ્રાંત), ભાવનગર (ગોહિલવાડ પ્રાંત), ભુજ (કચ્છ પ્રાંત) યુનાઇટેડ લાડોલ બિઝનેસ પાર્ક સુરત, (મહેસાણા પ્રાંત), પાંસવાલ (પાલનપુર પ્રાંત), મધ્ય ગુજરાત પ્રાંતમાં અમદાવાદ, ગાંધીનગર, અરવલ્લી, મહિસાગર સહિતના જિલ્લાઓમાં અનેક સ્થળોએ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

## મજબૂર ના કરશો નહીતર સીએમ-ગૃહમંત્રીના ઘરે હલ્લાબોલ કરીશું', કરણી સેના-AAP ની ચિમકી

એક તરફ, આમ આદમી પાર્ટીએ સરકારને ચિમકી આપી છે કે, હવે પછી આપના કાર્યકરો પર ખોટા કેસ કરવામાં આવશે તો, ગુજરાતમાં મુખ્યમંત્રીનો એકેય કાર્યક્રમ થવા દઈશું નહી. બીજી તરફ, કરણી સેનાએ પણ સરકારને અલ્ટીમેટમ આપ્યુ છે કે, 'ક્ષત્રિયોને મજબૂર ન કરો, નહીતર ગાંધીનગરમાં મુખ્યમંત્રી અને ગૃહમંત્રીના ઘરમાં ઘૂસી જઈશું.'

ગુજરાતમાં વણસી રહેલ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ દિનેદિને વણસી રહી છે. દુષ્કર્મના કેસમાં સંડાવાયેલાં ભાજપના કાર્યકરો અને નેતાઓ કોઈના કહેવાથી છૂટી જાય છે ત્યારે ખુદ સરકાર આપના નેતા-કાર્યકરો પર ખોટા કેસ કરી



રહી છે. આપના પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીએ ચિમકી ઉચ્ચારી છે કે, 'જો હવે પછી આપના કાર્યકર પર ખોટા કેસ કરવામાં આવશે તો, ગુજરાતમાં મુખ્યમંત્રીનો જ નહીં, એકેય સરકારી કાર્યક્રમ થવા દઈશુ નથી.'

રવિવારે (૨૨ મી ડિસેમ્બર) અમદાવાદના કુંજાડમાં આયોજીત ક્ષત્રિય એકતા મહાસંમેલનમાં પ્રદેશ અધ્યક્ષ રાજ શેખાવતે સ્ટેજ પરથી સરકારને ચિમકી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'તપાસ કર્યા પછી જ ક્ષત્રિયોને પોલીસે સંમેલનમાં આવવા દીધા હતાં. પોલીસ પ્રશાસન કાન ખોલીને સાંભળી લે. અમને મજબૂર ના કરો નહીતર વિધાનસભામાં કૂચ કરીશું. મજબૂરવશ ક્ષત્રિયો મુખ્યમંત્રી અને ગૃહમંત્રીના ઘરમાં ઘૂસી જઈશું.'

## સુરતમાં ૧૧ મહિનામાં ૧૪ મિનરલ વોટર પેકેજડ બોટલ અને જારના નમૂનાઓ લેવાયા, ૯ નમૂના ફેલ

સુરત- જળ જ જીવન છે, પરંતુ જયારે તમે માર્કેટમાંથી મિનરલ વોટરની બોટલ અને જાર મંગાવો છો, ત્યારે તમને લાગે છે કે તે મિનરલ્સથી ભરપૂર અને શુદ્ધ હશે. પરંતુ તમે જાણીને આશ્ચર્યચકિત થઈ જશો કે જે પાણી તમે મિનરલ વોટર તરીકે પી રહ્યા છો તે તમારા સ્વાસ્થ્ય માટે હાનિકારક હોઈ શકે છે. સુરત શહેરમાં છેલ્લા ૧૧ મહિનામાં ૧૪ મિનરલ વોટર પેકેજડ બોટલ અને જારના નમૂનાઓ લેવામાં આવ્યા હતા, જેમાંથી ૯ નમૂનાઓ ફેલ થઈ ગયા છે.

૧૪માંથી ૯ નમૂના લેબોરેટરી તપાસમાં નાપાસ ભેળસેળ કરનારા લોકો કઈ રીતે લોકોના આરોગ્ય સાથે રમી રહ્યા છે તેનું એક ઉદાહરણ બઝારમાં વેચાતું બોટલબંધ પાણી અને જાર છે, જે પણ શુદ્ધ નથી. બહારના ખાવા-પીવામાં તેમજ ઘરમાં વપરાતી ઘણી વસ્તુઓમાં ભેળસેળ જોવા મળે છે. શહેરના મનપાના ખાદ્ય વિભાગે આ વર્ષે નવેમ્બર સુધીમાં બોટલબંધ મિનરલ વોટર અને પાણી જારના ૧૪ નમૂનાઓ લીધા હતા, જેમાંથી ૯ નમૂના લેબોરેટરી તપાસમાં નિષ્ફળ જાહેર થયા. આ રીતે ૬૫% નમૂનાઓ પરિક્ષામાં અયોગ્ય ઠર્યા.

## બારડોલીના દિવાળીબેન ટ્રસ્ટે દ. ગુજરાતના ૧૦૦ ગામોમાં ક્રિકેટ અને વોલીબોલ કિટ વિતરણ

બારડોલી- બારડોલી સ્થિત દિવાળીબેન ટ્રસ્ટ દ્વારા સર્વાંગી ગ્રામીણ વિકાસ અને યુવાઓના વિકાસ માટે વિશેષ પ્રયાસ દિવાળીબેન ટ્રસ્ટના સ્થાપક તેમજ હંમેશા ગરીબોનુ હિત ઈચ્છતા અને અમેરિકામા સ્થાયી એવા બી. યુ. પટેલના માર્ગદર્શન હેઠળ ,અને સંસ્થાના પ્રેરકબળ સમા મેનેજિંગટ્રસ્ટી નલીનભાઈ જોશીની દીર્ઘદ્રષ્ટી દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં યુવાઓ સકારાત્મક દિશામાં પ્રગતિ કરે અને વ્યસન મુક્ત જીવનશૈલી અપનાવે ગામની એકતા વધે તે હેતુ સર દક્ષિણ ગુજરાતના ૧૦૦ ગામોમાં ક્રિકેટ અને વોલીબોલ કિટનું વિતરણ




કરવામાં આવ્યું હતુ.

યુવાનો કોઈપણ દેશના મૂળ સ્તંભ છે,જેઓની ઉર્જા, ઉત્સાહ અને નવીન વિચારો દેશના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવે છે. યુવાનોના મનમાં સંભવના, આત્મવિશ્વાસ અને નવી ઊંચાઈઓ સર કરવાની તાકાત છુપાયેલી હોય છે. યુવાનો પોતાની મજબૂત મહેનત, આદર્શ અને ઉદ્દેશ સાથે માત્ર પોતાનું જ નહીં, પરંતુ સમગ્ર સમાજનું ભવિષ્ય ઉજ્જવળ બનાવી શકે છે.

યુવાનોનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી સંસ્થા દ્વારા રમતના સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ વિતરણ કાર્યક્રમ ૧૮થી ૨૧ ડિસેમ્બર દરમિયાન રાખવામાં આવ્યો હતો. એક ગામને બેટ, ૨ સ્ટમ્પ, ૬ બોલ, ૩ સેફ્ટી એલગાર્ડ, ૨ વોલીબોલ ૨ અને નેટ ૧ જેવા સાધનોની સહાય કરવામાં આવી હતી. એવા કુલ ૧૦૦ ગામોનો સમાવેશ કરવામા આવ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના અમર પાડવી, ભાવેશ પટેલ, રોશની પાનવાલાને જહેમત ઉઠાવી હતી. રમતના સાધનો મેળવી યુવાનો એ સંસ્થાનો આભાર વ્યક્ત કર્યો હતો. સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ ૧. યુવાઓમાં એકતા વધારવીઃ ગ્રામ્ય યુવાનોને રમતો દ્વારા એકસાથે જોડીને સહકાર અને એકતાની ભાવના વિકસાવવા. ૨. વ્યસનમુક્ત જીવન તરફ પ્રોત્સાહનઃ રમતગમત દ્વારા યુવાનોને વ્યસનમુક્ત જીવન તરફ પ્રેરિત કરવાનો પ્રયાસ.

### શંકરસિંહ વાઘેલાએ નવી પાર્ટી બનાવીઃ

## પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટીનું રજિસ્ટ્રેશન કરાવ્યું, ડો. રાજેન્દ્રસિંહ રાઠોડને બનાવ્યા અધ્યક્ષ

ગાંધીનગર- ગુજરાતના રાજકારણમાં નવા જૂની થવાના એંધાણ છે. પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના નિવાસસ્થાન વસંત વગડોમાં આજે સ્નેહ મિલન યોજાયું હતું. જયાં શંકરસિંહે બેઠક બાદ પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટીની જાહેરાત કરી છે. આ પક્ષની નોંધણી પણ કરાવી છે.

પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટીના અધ્યક્ષ તરીકે વડોદરાના પૂર્વ મેયર ડો. રાજેન્દ્રસિંહ રાઠોડની વરણી કરી છે.જયારે ગાંધીનગરના પૂર્વ ડેપ્યુટી મેયર યુસુફ પરમારને મહામંત્રી બનાવવામાં આવ્યા છે અને પાર્થેશ પટેલને ખજાનચીની જવાબદારી સોંપી છે.

શંકરસિંહ પક્ષો પલટો કરવા અને પાર્ટી બનાવવા માટે માટે જાણીતા શંકરસિંહ વાઘેલાએ ૧૯૯૫માં બળવો



**કોંગ્રેસના ટેકાથી મુખ્યમંત્રી બન્યા બાદ ૧૯૯૮ માં તેઓ કોંગ્રેસમાં જોડાઇ પણ ગયા. એ પછી ૨૦૧૭ માં તેમણે કોંગ્રેસ છોડી પોતાની નવી પાર્ટી જનવિકલ્પ મોરચાની રચના કરી હતી**

કરી ભાજપ છોડી રાજપા બનાવી હતી. કોંગ્રેસના ટેકાથી મુખ્યમંત્રી બન્યા બાદ ૧૯૯૮માં તેઓ કોંગ્રેસમાં જોડાઇ પણ ગયા. એ પછી ૨૦૧૭ માં તેમણે કોંગ્રેસ છોડી પોતાની નવી પાર્ટી જનવિકલ્પ મોરચાની રચના કરી હતી, પરંતુ એ વર્ષે યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં તેમનો એકપણ ઉમેદવાર જીત્યો નહોતો. એ પછી જાન્યુઆરી ૨૦૧૯ માં તેમણે એનસીપી જોઇન કર્યું હતું અને ત્યાં રાષ્ટ્રીય મહામંત્રી રહ્યા બાદ તેમને પાર્ટીમાં પોતાનું મહત્ત્વ જળવાતું ન હોય એવું લાગ્યું હતું અને NCP છોડી દીધી હતી.

Mo-9727410292 Mo-9426810292




શ્રી બાલાજી ડાઈનિંગ હોલ

ધામડોદ રોડ, બારડોલી

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક અખબાર (સુરત)
YouTube
www.gujarataatmiyata.in

ATMIYA PROPERTIES
Atmiya Propaties Bardoli
Mo: 9016924808



ખેતીલાયક જમીન . ફાર્મ હાઉસ .
દુકાન પ્લોટ ફ્લેટ . રો હાઉસ.
ખરીદવા અને વેચવા .લોન મેળવવા માટે .
બારડોલી માં ફ્લેટ અને રો હાઉસ
ભાડે થી આપવા અને લેવા માટે સંપર્ક કરો....

દુકાન નંબર 101, પ્રિતેશ કોમ્પ્લેક્ષ શાસ્ત્રી રોડ , બારડોલી.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# ધર્મનું અધૂરું જ્ઞાન અધર્મ તરફ દોરે છેઃ મોહન ભાગવત

મુંબઈ- રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે રવિવારે કહ્યું કે ધર્મને સમજવો ખૂબ જ મુશ્કેલ છે. ધર્મના નામે થતા તમામ અત્યાચાર ગેરસમજ અને ધર્મની સમજના અભાવને કારણે થયા છે. મહારાષ્ટ્રના અમરાવતીમાં મહાનુભાવ આશ્રમના શતાબ્દી સમારોહમાં બોલતા ભાગવતે કહ્યું- ધર્મ મહત્ત્વપૂર્ણ છે અને તેને યોગ્ય રીતે શીખવવો જોઈએ. ધર્મનું અયોગ્ય અને અધૂરું જ્ઞાન અધર્મ તરફ દોરી જાય છે. મોહન ભાગવતે ૧૯ ડિસેમ્બરે પુણેમાં એક નિવેદનમાં પણ કહ્યું હતું કે મંદિર- મસ્જિદ વિવાદને દરરોજ ઉઠાવવો યોગ્ય નથી. કેટલાક લોકો એવું વિચારે છે કે આમ કરવાથી તેઓ હિન્દુઓના નેતા બની જશે.



**સંપ્રદાય ક્યારેય લડવાનું શીખવતો નથી, તે હંમેશા સમાજને એક કરે છે. તે સત્ય, અહિંસા, શાંતિ અને સમાનતાની ભાવનાને જાગૃત કરે છે. ધર્મને સમજવા માટે સંપ્રદાયો જરૂરી છે, કારણ કે તેમના વિના કોઈ માર્ગ આગળ વધી શકતો નથી.**

ભાગવતે જણાવ્યું હતું કે, ધર્મ હંમેશા અસ્તિત્વમાં છે અને દરેક વસ્તુ તેના અનુસાર કાર્ય કરે છે અને તેથી તેને સનાતન કહેવામાં આવે છે, સૃષ્ટિની શરૂઆતથી અંત સુધીની સંહિતા સનાતન ધર્મ છે. ધર્મ એ સત્યનો આધાર છે. તેથી ધર્મનું રક્ષણ કરવું ખૂબ જ જરૂરી છે. સંપ્રદાય ક્યારેય લડવાનું શીખવતો નથી, તે હંમેશા સમાજને એક કરે છે. તે સત્ય, અહિંસા, શાંતિ અને સમાનતાની ભાવનાને જાગૃત કરે છે. ધર્મને સમજવા માટે સંપ્રદાયો જરૂરી છે, કારણ કે તેમના વિના કોઈ માર્ગ આગળ વધી શકતો નથી. બાબાએ સમજાવ્યું છે, આના માટે બુદ્ધિની જરૂર છે. જેની પાસે બુદ્ધિ છે તેને આપણે સંપ્રદાય કહીએ છીએ.

# નિઝર - કુકરમુંડાના માર્ગો રૂ. ૨૧ કરોડના ખર્ચે ટિપટોપ બનશે



કુકરમુંડા- તાપી જિલ્લાના નિઝર અને કુકરમુંડા તાલુકામાં તાપી જિલ્લા પંચાયત ( માXમ) વિભાગ તેમજ માર્ગ અને મકાન સ્ટેટ વિભાગ તાપીના હસ્તક કરોડોના ખર્ચે મંજૂર થયેલ રસ્તાઓનું ખાત મુહૂર્ત ગત શુક્રવારના રોજ ૧૭૨ - નિઝર વિધાનસભાના ધારાસભ્ય ડો. જયરામભાઈ ગામીત તેમજ તાપી જિલ્લા પંચાયતના પ્રમુખ જાલમસિંગભાઈ વસાવાના હસ્તે કરવામાં આવ્યા હતા. જેમાં કુકરમુંડા તાલુકાના વડપાડા ગામથી ઈટવાઈ ગામ સુધી. માર્ગ અને મકાન સ્ટેટ વિભાગ તાપી હસ્તક ૨.૫૦ કરોડ રૂપિયાનો મંજૂર થયેલ. અંદાજિત ૪. ૪૦ કિલોમીટર રસ્તો તેમજ જિલ્લા પંચાયત (માXમ) વિભાગના હસ્તક ૬૦ લાખ રૂપિયાના મંજૂર થયેલ નિઝર તાલુકાના તાપી ખડકલા ગામથી લિફ્ટ ઈરીગેશન, સ્મશાન તરફ જતો રસ્તો, ૧.૫૦ લાખનો સાયલા, ખોનોરાથી નવી ભીલભવાલી ગામનો રસ્તો, ૪૨ લાખનો આડદા એપ્રોચ રસ્તો, ૧૯.૫ લાખનો આડદા આશ્રમ ફળિયાનો રસ્તો, ૫૦ લાખનો ખોડદા તગાડીપાડા (બોક્ષ કલ્વર્ટની કામગીરી) તેમજ ૫૦ લાખનો નેવાળા એપ્રોચ રસ્તાઓનું ગત રોજ નિઝર વિધાનસભાના ધારાસભ્ય અને તા. જિ. પંચાયતના પ્રમુખના હસ્તે હસ્તે ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં માજી જિ. પં. ના પ્રમુખ સૂરજભાઈ વસાવા, ભાજપા તાપી જિલ્લાના મહામંત્રી સુહાગભાઈ પાડવી સહિતના વિવિધ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## સોનગઢ પોલીસ સ્ટેશનના વિસ્તારમાંથી

# હાઇવે પર ધાડ કરી નાસી જનાર આરોપીઓને ગણતરીના કલાકોમાં પકડી પાડી કિ.રૂ.૬૧,૨૦૦ નો મુદ્દામાલ કબજે કરી ધાડનો વણશોધાયેલ ગુનો શોધી કાઢતી લોકલ ક્રાઇમ બ્રાંચ તાપી તથા પેરોલ- ફર્લો સ્કોર્ડ તાપીતથા વ્યારા પો.સ્ટે.ની ટીમ



પેરોલ ફર્લો સ્કોર્ડના પોલીસ માણસોની અલગ-અલગ ટીમ બનાવી સોનગઢ તરફથી આવતા તમામ હાઇવે રોડ તથા ગ્રામ્યના નાના રસ્તાઓ ઉપર નાકાબંધી કરેલ હતી જે દરમ્યાન સાથેના એ.એસ.આઇ. જગદીશભાઇ જોરારામ તથા હે.કો. અનિરૂધ્ધસિહ દેવસિહ નાઓને સયુક્ત રીતે ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે, ઉપરોક્ત ગુનાના કામે સંડોવાયેલ આરોપીઓના વર્ણન જેવા ઇસમો ફરિયાદમાં જણાવેલ રીક્ષાના નંબર તથા વર્ણનવાળી રીક્ષામાં બેસી ડોસવાડા ગામના રસ્તેથી સૈરૈયા ગામ તરફ જતા હોવાની બાતમી હકીકત મળતાઅલગ અલગ ટીમના તમામ માણસો સાથે મોજે- વ્યારા તાલુકાના સૈરૈયા ગામના ચાર રસ્તા ઉપર બોલાવી છુટા છવાયા વોચમાં રાખેલ હતા દરમ્યાન બાતમી હકીકતવાળી રીક્ષા આવતા તેને કોર્ડન કરી રોકી લીધેલ અને સદર રીક્ષામાં ડ્રાઇવર સાથે મળી પાંચ ઇસમો હોય તેઓની પ્રાથમિક પુછપરછ કરતા તેઓ કોઇ સંતોષકારક જવાબ આપતા ન હોય પકડાયેલ આરોપી-૧) અનવરશા બિકનશા ફકીર રહે.બીલ્ડીંગ નં.૩૦ રૂમ નં.૧૮ ગોલ્ડન આવાસ ભેસ્તાન સ્ટેશનની સામે, ૨) એઝાઝ ફારૂકભાઈ પટેલ, બાપુનગર બોરડી વિસ્તાર શીતલ ચાર રસ્તા, ઝુપડપટ્ટીમાં રૂમ નં.૬૧૨ રાંદેર રોડ સુરત શહેર (૩) સમીર ગફ્ફારભાઈ શેખ ઉ.વ.૧૮ રહે. બીલ્ડીંગ નં.બી/ ૨૪ ચોથો માળ, નુર લાઈટ, સુકુન ટેનામેન્ટની સામે, રાંદેર સુરત શહેર (૪) સાબીર ઉર્ફે આરીફ મહેબુબ શેખ ઉ.વ.૧૯ રહે. આમીર બીલ્ડીંગ રૂમ નં.૫૦૧ આમલીપુરા રાંદેર (૫) કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક ઉ.વ.૧૫ નાઓનેયુક્તી પ્રયુક્તીથી પુછપરછ કરતા ‘તેમના મિત્ર ઇમરાન અરમાન શા રહે. માલેગાવ પિતાજીનુ વિસરવાડી નવાપુર ખાતે કોઈ ગાડીવાળાએ રોકી રાખેલ હોય જેથી ઈમરાનનો ફોન આવતા તેમને મળવા સારૂ અમે પંચેય જણા આ અમારા સાથેનો સાબીર ઉર્ફે આરીફની રીક્ષાલઈને ગઈ કાલ તા. ૨૩ ના રોજ સવારના પંચેક વાગ્યે અમે પંચેય જણા સુરત થી વિસરવાડી ખાતે જવા સારૂ નીકળેલા અને વિસરવાડી પહોંચી આ ઇમરાનના પિતાજીને શોધતા તેઓ નહી મળતા અમે પંચેય જણા પરત સુરત આવવા સારૂ નીકળેલા દરમ્યાન અને આ રીક્ષા સાબીર ઉર્ફે આરીફ ચલાવતો હતો.અને અમે સોનગઢ બ્રીજ પાસ કરીને થોડે આગળ આવતા ત્યાં રોડની સાઈડમાં ઘણી બધી ટ્રકો પાર્ક કરેલ હોય જેથી અમો પંચેય જણાએ વાતચીત કરી નક્કી કરેલ કે આ ટ્રકોમાં જે ટ્રકમાં ડ્રાઇવર ઉંઘેલો હોય તેમાં ચઢીને તેનો સામાન ચોરી કરી લઇએ તેવી વાત થતા રોડની સાઈડમાં એક ટ્રકમાં ડ્રાઇવર ઉંઘેલો હતો જેથી અમે ત્યાં રીક્ષા ઉભી રખાવી તે ટ્રકમાં ચઢી ગયેલા અને ટ્રકમાંથી અનવર શા ને મોબાઇલ ફોન મળેલ અને અમે બીજા બીજો સામાન શોધતા હતા ત્યારે ટ્રક ડ્રાઇવર પાસેના પાકીટમાંથી રોકડા રૂપિયા મળેલ જે સાબીર ઉર્ફે આરીફે પોતાના પાસે રાખેલ અને એટલામાં ટ્રક ડ્રાઇવર જાગી જતા તે બુમાબુમ કરે તે પહેલા અમારા સાથેના એઝાઝ પટેલે આ ટ્રક ડ્રાઇવરને તેના પાસે રાખેલ ચપ્પુ પગના ભાગે મારી દીધેલ અને પછી બુમાબુમ થતા અમે રીક્ષામાં બેસી વ્યારા તરફ નાશવા લાગેલા અને થોડે આગળ જતા ટોલનાકા પહેલા એક પેટ્રોલપંપની સામેના રસ્તેથી અમે અંદર ગામડાના રસ્તે આગળ જતા રહેલા અને પોલીસ રોડ ઉપર અમને શોધતી હશે તેવી બીકે અમે ગામડાના જંગલમાં સંતાય રહેલા અને પછી જંગલમાં જ રાત્રીના રોકાય ગયેલા અને આજરોજ અમે સુરત જવા સારૂ નીકળેલાત્યારે અમને રસ્તો ખબર ન હોય રસ્તે ચાલતા માણસો અને દુકાનવાળાઓને સુરત તરફ જવાનો રસ્તો પુછી જતા હતા દરમ્યાન વ્યારા સૈરૈયા ગામના ચાર રસ્તા આગળ આવતા ત્યાં આગળ પકડીપાડેલઅને પકડાયેલ આરોપીઓ પાસેથી ચપ્પુ તથા મોબાઇલ નંગ-૪ કિ.રૂ.૨૦,૦૦૦ તથા રીક્ષા-૧ કિ.રૂ.૩૦,૦૦૦, રોકડા રૂપિયા ૧૧,૨૦૦ મળી કુલ્લે ૬૧,૨૦૦ નો મુદ્દામાલ ઇગજજ કલમ- ૧૦૬ મુજબ કબજે કરી પકડાયેલ ઇસમને તા. ૨૪/૧૨/૨૦૨૪ ના કલાક- ૧૪/૦૦ વાગ્યે અટક કરી ઉપરોક્ત ગુનાના કામે આગળની વધુ તપાસ સારૂ વ્યારા પોલીસ સ્ટેશન ખાતે સોંપેલ છે.

# તાપી જિલ્લાની નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઇ

**તાપી** - તાપી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે નિવાસી અધિક કલેકટરશ્રી આર. આર. બોરડના અધ્યક્ષસ્થાને જિલ્લાની નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સમિતિની બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં ગ્રામ્ય તથા તાલુકા કક્ષાની તકેદારી સમિતિની રચના તેમજ બેઠક મળવા બાબતે સમીક્ષા કરવામાં આવી હતી. વ્યાજબી ભાવોની દુકાન પર આધાર આધારિત વિતરણ વ્યવસ્થા અંગેની સમીક્ષા, જરૂરી જગ્યાએ રેશનિંગ દુકાનોના સ્થળમાં ફેરફાર કરવા અંગે, FPS દ્વારા ૧૦૦% આધાર વેરિફાઇડ અનાજનું વિતરણ કરવા અંગે, તેમજ આધાર ડિસેબલ કાર્ડધારકોના e-kyc, વન નેશન વન કાર્ડના લાભાર્થીઓ અંગે વિગતવાર ચર્ચાઓ કરી નિવાસી અધિક કલેકટરશ્રી આર.આર. બોરડે કેટલાક જરૂરી રચનાત્મક સૂચનો કર્યા હતા. આ બેઠકમાં, પુરવઠા અધિકારી સહિત જિલ્લાની નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સમિતિની વિવિધ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# પલસાણાની સગીરાને લગ્નની લાલચે પીખીઃમાસૂમને ગર્ભવતી બનાવી દેનાર નરાધમને પોલીસે ઝડપી લીધો





બારડોલી- પોક્સોના ગુનાનો આરોપી ઝડપાયો પલસાણા પોલીસ મથકમાં નોંધાયેલા બળાત્કાર તથા પોક્સોના ગુનામાં આરોપીને પોલીસે ઝડપી પાડ્યો છે. સગીરાને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતા ૦૩ માસનો ગર્ભ હોવાનું સામે આવ્યું હતું. આ મામલે પલસાણા પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. સુરતના પલસાણા પોલીસ મથકની હદમાં સગીરા પર દુષ્કર્મ બનાવ સામે આવ્યો હતો. આરોપીએ લગ્નની લાલચ આપી સગીરા પર અલગ અલગ સમયે દુષ્કર્મ આચર્યું હતું. દરમ્યાન સગીરાને હોસ્પિટલ લઇ જવાતા ૦૩ માસનો ગર્ભ હોવાનું સામે આવ્યું હતું.

આ સમગ્ર મામલો પલસાણા પોલીસ મથકે પહોચ્યો હતો. જેમાં પોલીસે બળાત્કાર અને પોક્સો હેઠળ ગુનો દાખલ કર્યો હતો અને આરોપીને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા હતા. ત્યારે પેટ્રોલિંગ દરમ્યાન આરોપી શુભમસિંગ ધર્મેન્દ્રસિંગ રાજપૂત ઉં.૨૪ ને કારેલી ગામ ખાતે ઊભો હોવાની પોલીસને ચોક્કસ ખાનગી રાહે બાતમી મળી હતી. જે બાતમીના આધારે પલસાણા પોલીસ સ્થળ પર જઈને આ આરોપીને ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

પોક્સોના ગુનામાં આરોપીને પોલીસે ઝડપી ધામરોડ ગામ નવી નગરીમાં ઝાડીમાં જુગાર રમાતો હોવાની બાતમી મળતા કોસંપા પોલીસે છાપો મારી ૮ શખ્સને જુગાર રમતા આબાદ ઝડપી પાડ્યા હતા. પોલીસે બનાવના સ્થળેથી ૨૫ હજાર રોકડા, ૧૫ હજાર કિમતના ત્રણ મોબાઇલ મળી પોલીસે કુલ ૪૦ હજારનો મુદ્દામાલ કબજે કરી (૧) અનીલકુમાર વિજયભાઈ વસાવા, (૨) વિજયકુમાર ભાણાભાઈ વસાવા, (૩) વિશાલકુમાર બાબુભાઈ વસાવા, (૪) અનિલકુમાર જયંતિભાઈ વસાવા, (૫) વિઠ્ઠલભાઈ જામલભાઈ વસાવા (તમામ રહે. ધામરોડ ગામ, તા. માંગરોળ), (૬) અકબર હસન દીવાન, (૭) સઇદ નઈમ ખાન, (૮) મનીષ પ્રતાપભાઈ વસાવા (તમામ રહે. જૂના કોસંબા, તા. માંગરોળ) ની ધરપકડ કરી હતી.

# તાપી જિલ્લાની નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઇ




**તાપી-**તાપી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે નિવાસી અધિક કલેક્ટર આર. આર. બોરડના અધ્યક્ષસ્થાને જિલ્લાની નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સમિતિની બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં ગ્રામ્ય તથા તાલુકા કક્ષાની તકેદારી સમિતિની રચના તેમજ બેઠક મળવા બાબતે સમીક્ષા કરવામાં આવી હતી. વ્યાજબી ભાવોની દુકાન પર આધાર આધારિત વિતરણ વ્યવસ્થા અંગેની સમીક્ષા,જરૂરી જગ્યાએ રેશનિંગ દુકાનોના સ્થળમાં ફેરફાર કરવા અંગે, FPS દ્વારા ૧૦૦% આધાર વેરિફાઇડ અનાજનું વિતરણ કરવા અંગે, તેમજ આધાર ડિસેબલ કાર્ડધારકોના E-Kyc, વન નેશન વન કાર્ડના લાભાર્થીઓ અંગે વિગતવાર ચર્ચાઓ કરી નિવાસી અધિક કલેક્ટર આર. આર. બોરડે કેટલાક જરૂરી રચનાત્મક સૂચનો કર્યા હતા.

આ બેઠકમાં, પુરવઠા અધિકારી સહિત જિલ્લાની નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સમિતિની વિવિધ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# તાપી જિલ્લામાં જાહેર સુલેહ, શાંતિ અને સલામતિ અંગેનું જાહેરનામું

તાપી- આગામી સમયમાં નાતાલ,ખ્રિસ્તિ નવુ વર્ષ અને મકરસંક્રાંતિ જેવા અન્ય તહેવારો આવનાર હોઇ જેને અનુલક્ષી તાપી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા જાહેર સુલેહ, શાંતિ અને સલામતિ જળવાઇ રહે તે માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી તાપીએ એક જાહેરનામું બહાર પાડી કેટલાક કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

જાહેરનામા અનુસાર કોઇ પણ વ્યક્તિએ શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ધોકા, બંદુક, છરા લાકડા કે લાકડી, લાઠી, શારીરિક ઇજા પહોચાડી શકાય તેવું બીજું કોઇ પણ સાધન સાથે લઇ જવું નહિ. કોઇ પણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઇ જવા નહિ. પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના શસ્ત્રો, અથવા સાધનો લઇ જવા નહિં કે એકઠા કરવા નહિં તથા તૈયાર કરવા નહિં. ધાર્મિક સ્થળોએ લોકોની લાગણી દુભાય તેવું કૃત્ય કરવું નહિ. તેમજ પ્લાસ્ટિકની કોથળીઓમાં કોઇ પદાર્થ કે પાણી ભરીને ધાર્મિક સ્થળોએ ફેંકવા નહિં. કોઇ રાહદારી




કે અન્ય ધર્મના લોકોની લાગણી દુભાય તેવું કૃત્ય કરવું નહિં. જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિં, તેવા હાવભાવ, ચેષ્ટા કરવી નહીં કે તેવા ચિત્રો, પત્રિકા કે પ્લેકાર્ડ અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહિં, બતાવવી નહિં અથવા તેનો ફેલાવો કરવો નહિં. જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવી નહિ. લોકોને અપમાનિત કરવાના ઇરાદાથી જાહેરમાં બુમો પાડવી નહિં તથા સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય જાહેરસભા અથવા સરઘસનું આયોજન કરવું નહિં.

આ હુકમ સરકારી કર્મચારી કે કામ કરતી કોઇ પણ વ્યકતિ કે જેને ઉપરી અધિકારીએ સરકારી ફરજ બજાવવા, આવું કોઇ હથિયાર લઇ જવાની આજ્ઞા આપેલ હોય તેવા કિસ્સામાં, જિલ્લા મેજીસ્ટ્રેટ તથા જિલ્લા પોલીસ વડાએ અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલીસ અધિકારીને તથા જેને શારિરીક અશક્તિને કારણે લાકડી, લાઠી લઇ જવાની જરૂરિયાત હોય તેવી વ્યક્તિઓને તથા સરકારી અથવા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને લગતા કાર્યક્રમોને લાગુ પડશે નહિં.

આ હુકમ તા.૧૭.૧૦.૨૦૨૪ થી ૧૮.૦૨.૨૦૨૫ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......



તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

### એઆઈ હવે શેરોની એનાલિસિસ કરી ભાવની ભાવિ ચાલ વિશે સંકેત આપશે

દેશના વિવિધ ક્ષેત્રોની કામગીરી જે અત્યારસુધી માનવબળથી પાર પડતી હતી તેમાં હવે આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ-કૃત્રિમ બુદ્ધી)નો પગપેસારો થઈ રહ્યો છે અને જે કામ માનવ બુદ્ધીથી પાર પડાતા હતા તે હવે એઆઈ પાર પાડી રહ્યું છે. નાણાંકીય સેવા ક્ષેત્ર, હેલ્થ તથા શિક્ષણ જેવા ક્ષેત્રમાં એઆઈ ટેક્નોલોજીને કામે લગાડવામાં આવી રહી છે, ત્યારે શેરબજારોમાં લિસ્ટેડ કંપનીઓના સ્ટોક્સની એનાલિસિસની કામગીરી પણ એઆઈ દ્વારા કરાવાતી હોવાનું જોવા મળી રહ્યું છે. એઆઈ દ્વારા કરાતી સ્ટોક એનાલિસિસને પરિણામે રિસર્ચ એનાલિસ્ટોનું ભાવિ જોખમાશે કે કેમ તે હાલમાં કહેવું વહેલુ ગણાશે કારણ કે કોઈ કંપનીના શેર માટેની એઆઈની એનાલિસિસ કેટલી સચોટ પડી રહી છે, તેના પર કોઈ ખાતરીલાયક પ્રકાશ પડાયો નથી. કોઈ શેરની ટૂંકા તથા મધ્યમ ગાળાની ચાલ કેવી રહેશે તેની એનાલિસિસ કરી રોકાણકારોને તે ખરીદવા કે વેચવાની રિસર્ચ એનાલિસ્ટો ભલામણ કરતા હોય છે. એઆઈના આક્રમણને પગલે સ્ટોક રિસર્ચ કામગીરીમાં તાજેતરના સમયમાં ક્રાંતિ જોવા મળી રહી છે. એઆઈ દ્વારા સંચાલિત ટુલ્સ તથા સોલ્યુશન્સને કારણે સ્ટોક એનાલિસ્ટો માટે સેકન્ડોમાં વ્યાપક ડેટા મેળવવાનું સરળ બની ગયું છે એટલું જ નહીં સ્ટોક વિશે રિસર્ચ રિપોર્ટ પ્રાપ્ત કરવાનું શક્ય બની ગયું છે.

જો કે આવા પ્રકારના રિપોર્ટની એક્યુરેસી પ્રારંભમાં પૂરવાર થવી જરૂરી બની રહે છે. અત્યારસુધી સ્ટોકના રિસર્ચ માટે માનવ બુદ્ધી (રિસર્ચ એનાલિસ્ટો) પર જ નિર્ભર રહેવું પડતું હતું. જે તે શેરની ભાવિ ચાલ કેવી હશે તે અંગે રોકાણકારો માટે રિપોર્ટ તૈયાર કરવા રિસર્ચ એનાલિસ્ટો કંપની તથા સંબંધિત ક્ષેત્રના ડેટા, મીડિયામાં આવતા અહેવાલો તથા બજારના ટ્રેન્ડસને ધ્યાનમાં લેતા આવ્યા છે. જો કે આવા પ્રકારના રિપોર્ટ તૈયાર કરવામાં વ્યાપક સમય લાગી જતો હોય છે અને જે તે સ્ટોક અથવા ક્ષેત્ર વિશે પૂરતી માહિતી મેળવવાનું મુશકેલ રહેતું હોય છે. અપૂરતી માહિતીના અભાવે એનાલિસ્ટો માટે સ્ટોક્સની ચાલ અંગે ખાતરી પૂર્વકનો રિપોર્ટ તૈયાર કરવાનું શક્ય બનતું નથી અને ક્યારેક તેમાં તેઓ ખોટા પણ પડતા હોય છે અને રોકાણકારોને નુકસાન થતા વાર નથી લાગતી. એઆઈ એલ્ગોરિધમ ટેકનિકના સહારે સંબંધિત કંપનીના નાણાંકીય રેકોર્ડસ, કંપની જે ક્ષેત્રની હોય તે ક્ષેત્રનો વર્તમાન ટ્રેન્ડસ જાણવાનું વધુ સરળ અને ઝડપી બની ગયું છે જે રિસર્ચ એનાલિસ્ટ દ્વારા સ્વતંત્ર રીતે કરાતી રિસર્ચ કામગીરીમાં કદાચ શક્ય નથી બનતું. નિષ્ણાતોની વાત માનીએ તો એઆઈ સંચાલિત મોડેલ્સ અથવા ટૂલ્સ સંબંધિત શેરના ટૂંકાથી મધ્યમ ગાળાના ભાવની ચાલ, કંપનીના આવક અંદાજ માપવામાં ટેકારૂપ બની રહે છે. પરંપરાગત રિસર્ચ પદ્ધતિમાં ડેટાકલેક્શન તથા એનાલિસિસ કરવામાં વ્યાપક સમય અને ખર્ચ થતો હોય છે જે એઆઈ સંચાલિત ટૂલ્સના ઉપયોગમાં ઘટી રહ્યા હોવાનો પણ દાવો કરવામાં આવી રહ્યો છે. ભારતમાં સ્ટોક એનાલિસ્ટોએ સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) સમક્ષ નોધણી કરાવવાની રહે છે અને ચોક્કસ પરીક્ષાઓમાંથી પસાર થવાનું રહે છે. નાણાંકીય ક્ષેત્રમાં એઆઈના ઉપયોગમાં થઈ રહેલા વધારાને ધ્યાનમાં રાખી સેબી પણ આ નવી ટેક્નોલોજીના દૂરુપયોગ અટકાવવા અને જવાબદારીઓ નિશ્ચિત કરવા સક્રિય બન્યું છે. ગયા મહિને સેબી દ્વારા જારી કરાયેલા એક કન્સલટેશન પત્રમાં તેણે એવો મત વ્યક્ત કર્યો હતો કે, સિક્યુરિટીસ બજારમાં એઆઈના ઉપયોગથી કાર્યક્ષમતામાં વધારો થશે અને અન્ય લાભો પણ મળશે પરંતુ સાથોસાથ રોકાણકારોના હિતો જળવાઈ રહે તેની ખાતરી રાખવાનું પણ જરૂરી બની રહે છે. નાણાં બજારમાં કાર્યરત ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્સ્ટિટયૂશન, ઈન્ટરમીડિઅરિસ તથા સેબીના નિયંત્રણ હેઠળની વ્યક્તિ તથા અન્ય સંસ્થાઓ જેઓ એઆઈ અથવા મસીન લર્નિંગનો પોતાના કામકાજમાં ઉપયોગ કરે છે તે વપરાશકારોમાં જવાબદારી નિશ્ચિત કરવાનું જરૂરી છે. આ હકીકતને ધ્યાનમાં રાખતા આવનારા દિવસોમાં દેશના શેરબજારો, ફાઈનાન્સિઅલ ઈન્ટરમીડિઅરિસ અને ક્લિઅરિંગ કોર્પોરેશન માટે એઆઈ સંબંધિત નવા નિયમો જોવા મળશે. નાણાં સંસ્થાઓ અથવા બ્રોકરેજ પેઢીઓ જેઓ એઆઈનો ઉપયોગ કરી રોકાણકારોને સ્ટોકની ભલામણ કરવાનું શરૂકર્યું છે ત્યારે તેમના પર કેવા પ્રકારનાનિયમનો આવે છે તે પણ જોવાનું રસપ્રદ બની રહેશે.

ઈનોવા કાર ભાડે થી મળશે
૫-સિટર
૭-સિટર

સંપર્ક- અનિલભાઈ
મો.97242 60058



સંપર્ક–મિતેશ દેસાઈ
Mo-9879518431
બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

## બાબા સાહેબ આંબેડકરના અપમાનનો વિરોધ:માંડવીમાં કોંગ્રેસ આગેવાનો દ્વારા ગૃહમંત્રીના રાજીનામાંની માગ




બારડોલી- માંડવી તાલુકા મથક પ્રાંત કચેરી ખાતે કોંગ્રેસ સમિતિના આગેવાનોએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહએ બંધારણના ઘડવૈયા બાબાસાહેબ આંબેડકરના કરેલા અપમાન વિરુદ્ધ દેખાવો અને વિરોધ પ્રદર્શન કરી તેઓના રાજીનામાની માગ કરી હતી. સુરત જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મનહરભાઈ પટેલની આગેવાની હેઠળ તાલુકા કોંગ્રેસ સમિતિના આગેવાનો દ્વારા દેખાવો અને વિરોધ પ્રદર્શન કરી ફરજ પરના પ્રાંત અધિકારીને આવેદનપત્ર સંપર્ક કરી જણાવ્યું કે, ભારતના સંસદ ગૃહમાં ગૃહમંત્રી અમિત શાહે આપેલા નિવેદન દરમિયાન ડો. બાબા સાહેબ આંબેડકરની ટિપ્પણી કરી ઘોર અપમાન કર્યું છે.

ભારતના કરોડો લોકો જે સંવિધાનમાં વિશ્વાસ અને શ્રદ્ધા ધરાવે છે તેઓનું અપમાન કર્યું છે. ગૃહમંત્રી સામે આમ જનતાનો ખૂબ જ રોષ અને વિરોધ છે. જેથી કરીને ગૃહમંત્રી અમિતભાઈ શાહના નિવેદનથી સર્વ સમાજે મોટો આંચકો અનુભવ્યો છે. આ અપમાન ચલાવી લેવાય તેવું નથી તેઓ સમગ્ર ભારત દેશના લોકોની માફી માગે એવી માગ કરી હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મનહરભાઈ પટેલ માંડવી તાલુકા કોંગ્રેસ પ્રમુખ ઉદેસિંગ બી વસાવા. માંડવી નગર કોંગ્રેસ પ્રમુખ સંજય ઉપાધ્યાય, સુરત જિલ્લા છડછજ અધ્યક્ષ લાલુભાઈ ઇકબાલભાઈ કરોડીયા તેમજ તાલુકા કોંગ્રેસ સમિતિના તમામ ફ્રન્ટના હોદેદારો ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને કોંગ્રેસી કાર્યકર ઉપસ્થિત રહ્યાં હતાં.

## બાંગ્લાદેશમાં હિન્દુઓ મુદ્દે સુરતના યુવકની પદયાત્રા:હિન્દુઓ પરના અત્યાચાર બંધ થાય તે માટે યુવક ગાંધીનગર સુધીની પદયાત્રાએ નિકળ્યો




બારડોલી- બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થઈ રહેલા અત્યાચાર, હિંસા અને મંદિરોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે.ત્યારે લઘુમતી હિન્દુઓ પર થઈ રહેલા અત્યાચાર બંધ થાય તે માટે એક યુવક ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને આવેદનપત્ર આપવા પદયાત્રા થકી ગાંધીનગર જવા નીકળ્યો છે.

આ અંગે મળતી વિગત મુજબ બાંગ્લાદેશમાં હિન્દુ મંદિરો અને લઘુમતી હિન્દુઓ પર થઈ રહેલા હિંસક અત્યાચારોની ઘટનાઓ બની રહી છે.તેના મૂળભૂત અધિકારોના ઉલ્લંઘનને અત્યંત ચિંતાજનક ગણાવવામાં આવી રહ્યું છે. હિન્દુ સમુદાયને નિશાન બનાવવામાં આવી રહ્યા છે.ત્યારે દેશ સહિત વિશ્વના હિન્દુ ઓમાં રોષ જોવા મળે છે.ત્યારે સુરતનો એક જાગૃત યુવાન પ્રિયંક શાહ હિન્દુ રહીશો પર થઈ રહેલી હિંસક ઘટનાને લઈને વ્યથિત છે. ગુજરાત સરકાર અને ભારત સરકાર આ સંબંધે તાત્કાલિક બાંગ્લાદેશ સરકારને હિંસા રોકવા મજબુર કરે તેવા વિચાર આવતા સુરતથી ગાંધીનગર પદયાત્રા કરી

## બારડોલી - મહુવા સિંચાઇ વિભાગના ૫૦૭ લાખના ૧૦ કામનું ખાતમુહૂર્ત



સુરત જિલ્લા પંચાયત સિંચાઈ વિભાગ હસ્તકનાં મહુવા પેટા વિભાગ અંતર્ગત ટ્રાયબલ સબ પ્લાન માંડવી હેઠળ ૧૭૦ મહુવા વિધાનસભા મત વિસ્તાના મહુવા તથા બારડોલી તાલુકાનાં મંજૂર કરવામાં આવેલા ડી-સેગ તથા ન્યુ ગુજરાત પેટર્ન યોજનાના ૫૦૭ લાખના ૧૦ કામોનુ ખાતમુહૂર્ત ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાના હસ્તે કરવામાં આવ્યું હતુ. જેમાં તાલુકા તથા જિલ્લા પંચાયત સદસ્યો, ગામના સરપંચો તથા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

જેમાં મહુવા તાલુકાનાં વલવાડા ગામે ટ્રાયબલ ખેડૂતો માટે બોર વિથ સોલાર પંપ સિસ્ટમનું કામ ૫૨.૫૦ લાખ, તાંબા ગામે લિફ્ટ ઈરીગેશનયોજના ૭૫.૪૧ લાખ, વાઘેશ્વર ગામે લિફ્ટ ઈરીગેશન યોજના ૭૭.૧૮ લાખ તથા બારડોલી તાલુકાનાં સુરાલી ગામે લિફ્ટ ઈરીગેશન યોજના ૪૯.૯૭ લાખ, નાની ભટલાવ ગામે લિફ્ટ ઇ રીગેશન યોજના૨૫.૭૪ લાખ, જુનવાણી ગામે લિફ્ટ ઈરીગેશન યોજના ૨૫.૭૪ લાખ એમ કુલ ૧૦ કામો માટે ૫૦૭ લાખના કામોનુંખાતમુહૂર્ત કરાયું હતું.

## પલસાણાની સગીરાને લગ્નની લાલચે પીંખી:માસૂમને ગર્ભવતી બનાવી દેનાર નરાધમને પોલીસે ઝડપી લીધો




બારડોલી- પોક્સોના ગુનાનો આરોપી ઝડપાયો પલસાણા પોલીસ મથકમાં નોધાયેલા બળાત્કાર તથા પોક્સોના ગુનામાં આરોપીને પોલીસે ઝડપી પાડ્યો છે. સગીરાને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતા ૦૩ માસનો ગર્ભ હોવાનું સામે આવ્યું હતું. આ મામલે પલસાણા પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. સુરતના પલસાણા પોલીસ મથકની હદમાં સગીરા પર દુષ્કર્મ બનાવ સામે આવ્યો હતો. આરોપીએ લગ્નની લાલચ આપી સગીરા પર અલગ અલગ સમયે દુષ્કર્મ આચર્યું હતું. દરમ્યાન સગીરાને હોસ્પિટલ લઇ જવાતા ૦૩ માસનો ગર્ભ હોવાનું સામે આવ્યું હતું.

આ સમગ્ર મામલો પલસાણા પોલીસ મથકે પહોચ્યો હતો. જેમાં પોલીસે બળાત્કાર અને પોક્સો હેઠળ ગુનો દાખલ કર્યો હતો અને આરોપીને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા હતા. ત્યારે પેટ્રોલિંગ દરમ્યાન આરોપી શુભમસિંગ ધર્મેન્દ્રસિંગ રાજપૂત ઉં.૨૪ ને કારેલી ગામ ખાતે ઊભો હોવાની પોલીસને ચોક્કસ ખાનગી રાહે બાતમી મળી હતી. જે બાતમીના આધારે પલસાણા પોલીસ સ્થળ પર જઈને આ આરોપીને ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

પોક્સોના ગુનામાં આરોપીને પોલીસે ઝડપી ધામરોડ ગામ નવી નગરીમાં ઝાડીમાં જુગાર રમાતો હોવાની બાતમી મળતા કોસંબા પોલીસે છાપો મારી ૮ શખ્સને જુગાર રમતા આબાદ ઝડપી પાડ્યા હતા. પોલીસે બનાવના સ્થળેથી ૨૫ હજાર રોકડા, ૧૫ હજાર કિંમતના ત્રણ મોબાઇલ મળી પોલીસે કુલ ૪૦ હજારનો મુદ્દામાલ કબજે કરી (૧) અનીલકુમાર વિજયભાઈ વસાવા, (૨) વિજયકુમાર ભાણાભાઈ વસાવા, (૩) વિશાલકુમાર બાબુભાઈ વસાવા, (૪) અનિલકુમાર જયંતિભાઈ વસાવા, (૫) વિઠ્ઠલભાઈ જામલભાઈ વસાવા (તમામ રહે. ધામરોડ ગામ, તા. માંગરોળ), (૬) અકબર હસન દીવાન, (૭) સઇદ નઈમ ખાન, (૮) મનીષ પ્રતાપભાઈ વસાવા (તમામ રહે. જૂના કોસંબા, તા. માંગરોળ) ની ધરપકડ કરી હતી.

## માંગરોળ તાલુકાના ઝરણી ગામે આદિવાસી રિતિરિવાજ મુજબ હરખીની ઉજવણી કરવામાં આવી



બારડોલી- માંગરોળ તાલુકાના ઝરણી ગામના ગ્રામજનો દ્વારા ગામ હરખી (હોક્તુ) નું આયોજન કરવામાં આવ્યું હતું. ગામનાં આગેવાનો વડીલો અને યુવા મિત્રો એ આજે પણ જૂના રિતિરિવાજ સંસ્કૃતિ જાળવી રાખી છે. આદિવાસી સમાજમાં વર્ષની સૌથી મોટી પૂજા એટલે કે હરખી (હોબાત) નું ખાસું મહત્વ હોય છે. ખેતીવાડીમાં અથાગ મહેનત થકી પકવવામાં આવેલ અનાજને દેવના ચરણમાં અર્પણ કરવામાં આવે છે. જેને હરખી પૂજા કહેવામાં આવે છે.

કુદરતે માણસને જીવવા માટે ધાન્ય પ્રદાન કર્યું, નવું ધાન્ય ઘરમાં આવે છે. જેને સંગ્રહ માટે કોઠીઓમાં ભરવામાં આવે છે. એ પહેલા ધાન્યને આદિવાસી વાજિંત્રો સાથે દેવ સ્થાનક પર જઈને ધાન્ય અર્પણ કરવામાં આવે છે. જે વર્ષની સૌથી મોટી પૂજા કહેવાય છે. હરખી પૂજા આદિવાસી સમાજના લોકો સમગ્ર જીવોના જીવન નિર્વાહ માટે આવો અવસર પ્રદાન કર્યો એનાં આભારદર્શન માટે ઝરણી ગામના ગ્રામજનો દ્વારા હરખી પૂજાનું આયોજન કર્યું હતું.

## ચાઈનીઝ દોરીઓના જથ્થો શોધવા ગયેલી વડોદરા પોલીસને માત્ર ત્રણ રીલ હાથ લાગી, મહિલાની ધરપકડ



વડોદરા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ચાઈનીઝ દોરીઓ તેમજ તુક્કલનું ધૂમ વેચાણ થતું હોવાની વિગતોને પગલે પોલીસ દ્વારા દરોડા પાડવામાં આવી રહ્યા છે. જે દરમિયાન ગઈકાલે એક મહિલા સામે કાર્યવાહી કરવામાં આવી છે.

ઉતરાયણ પહેલા ચાઈનીઝ દોરા, પતંગો અને તુક્કલના વેચાણ સામે પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. માંજલપુર અને પાણીગેટ વિસ્તારની દુકાનમાંથી તાજેતરમાં જ ચાઈનીઝ દોરીઓ અને તુક્કલનો મોટો જથ્થો હાથ લાગ્યો હતો.

વડોદરાના પદમલા વિસ્તારમાં આવેલા માડી મહોલ્લામાં એક મહિલા પાસે ચાઈનીઝ દોરીઓનો મોટો સ્ટોક હોવાની વિગતો મળતા છાણી પોલીસે દરોડો પાડ્યો હતો. જોકે ઘરમાં શોધખોળ કર્યા બાદ પોલીસને રૂદોડ હજારની કિંમતની માત્ર ત્રણ દોરી મળી હતી. જેથી લક્ષ્મીબેન રમણભાઈ માળી સામે પોલીસ કમિશનરના જાહેરનામાના ભંગ બદલ ગુનો નોંધી કાર્યવાહી કરવામાં આવી હતી.

Date-25/12/2024 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)


GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## ધોરણ ૫ અને ૮માં પરીક્ષામાં અસફળ થશે નાપાસ કરાશે:

# શિક્ષણ રાજયમંત્રી પ્રફુલ પાનશેરીયાએ કહ્યું- ગુજરાતની તમામ શાળાઓમાં 'નો ડિટેન્શન પોલિસી'નો ચૂસ્તપણે પાલન

બારડોલી- શિક્ષણ રાજયમંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા 'નો ડિટેન્શન પોલિસી'નાબૂદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે, પરંતુ ગુજરાતની તમામ શાળાઓમાં ચૂસ્ત પણે પાલન થઈ રહ્યો છે.

શિક્ષણ રાજયમંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું કે, ધોરણ ૦૫ અને ધોરણ ૦૮માં કોઇ વિદ્યાર્થી બે વિષયમાં ૩૫% કરતા ઓછું પરિણામ મેળવે તો તેને વર્ગ બઢતી રોકવાની જોગવાઇ કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા કરવામાં આવી છે. પરંતુ કોરોના મહામારીના કારણે શૈક્ષણિક વર્ષ-૨૦૧૯-૨૦, વર્ષ- ૨૦૨૦-૨૧ અને વર્ષ - ૨૦૨૧-૨૨માં ધોરણ ૧થી ૮માં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાનો રાજય સરકારે નિર્ણય ર્ક્યો હતો. પરંતુ ચાલુ શૈક્ષણિક વર્ષ - ૨૦૨૨-૨૩માં પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૦૫ અને ધોરણ-૦૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વાર્ષિક પરીક્ષામાં અસફળ થશે તો તેમણે નાપાસ જાહેર



કરવામાં આવશે તેમ મંત્રીએ જણાવ્યું હતું.

વધુમાં મંત્રીએ ઉમેર્યુ કે, ધો. ૦૫ અને ધો.૦૮ની વાર્ષિક પરીક્ષામાં અસફળ રહેનાર વિદ્યાર્થીઓ નાપાસ થશે; સાથો સાથ નાપાસ થયેલા વિદ્યાર્થીઓને બે મહિનામાં ફરીથી પરીક્ષા આપવાની તક મળશે, પરંતુ જો વિદ્યાર્થીઓ ફરીથી નાપાસ થશે તો તેમને આગળના વર્ગમાં બઢતી આપવામાં આવશે નહીં. આ નિયમ ગુજરાતની તમામ શાળાઓમાં લાગુ આ વર્ષથી ચાલુ થઈ ગયો છે.

**વર્ગ બઢતી રોકવાની જોગવાઇ કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા કરવામાં આવી છે. પરંતુ કોરોના મહામારીના કારણે શૈક્ષણિક વર્ષ-૨૦૧૯-૨૦, વર્ષ- ૨૦૨૦-૨૧ અને વર્ષ - ૨૦૨૧-૨૨માં ધોરણ ૧થી ૮માં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાનો રાજય સરકારે નિર્ણય ર્ક્યો**

વધુમાં મંત્રીએ ઉમેર્યું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - ૨૦૨૦ અન્વયે આ નિર્ણયના અમલીકરણથી વિદ્યાર્થીઓની શીખવાની ક્ષમતામાં સુધારો તેમજ વિદ્યાર્થીઓના શૈક્ષણિક પ્રદર્શનમાં સુધારો કરવાની તક મળશે, જેથી વિદ્યાર્થીઓનો ભવિષ્ય ઊજળું બનશે.

# બોગસ ડોક્ટર ઝડપાયો:ડોલવણના ધાણી ગામેથી તાપી જિલ્લા SOG પોલીસે પકડ્યો

**મહત્વનું છે કે, હજુ ગત ૪ દિવસ પહેલાં જ તાપીના વ્યારામાં મા કામલ નર્સિંગ સ્કૂલ નકલી હોવાનું સામે આવ્યું હતું.**



તાપી (વ્યારા)- તાપી SOG પોલીસે નકલી ડોક્ટરને ડોલવણનાં ધાણી ગામેથી ઝડપી પાડ્યો છે. નકલી ડોક્ટરએ નામ વગરનું ક્લિનિક અને ડિગ્રી વગર દવાખાનું ચલાવતા હોવાની SOG પોલીસને બાતમી મળતા દરોડા પાડ્યા હતા. જે દરમિયાન સોમનાથભાઇ મોહનભાઇ પટેલ (ઉંમર-૪૯) નામનો નકલી ડોક્ટર ઝડપાયો હતો. છેલ્લા ૩-૪ વર્ષથી ડોક્ટર તરીકે પ્રેક્ટીસ કરતો હતો તેમ ગામવાસીનું કેહવું છે. આ મામલે ડોલવણ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

તાપી જિલ્લાના ડોલવણ તાલુકાના ધાણી ગામે ડુંગળી ફળિયામાં સોમનાથ પટેલ ભાડેથી ઓરડીમાં નામ વગર ક્લિનિક ચલાવતો હોવાની બાતમી મળતા તાપી એસ.ઓ. જી. પોલીસે દરોડા પાડ્યા હતા. જે દરમિયાન હાજર યુવકનું નામ પૂછતા સોમનાથ પટેલ હોવાનું જણાવ્યું હતું. તેમજ પૂછપરછ દરમિયાન પોતાની પાસે કોઈ ડિગ્રી ન હોવાનું જણાવ્યું હતું. બોગસ ડોક્ટર પાસેથી એલોપેથીક દવાઓ તથા મેડીકલને લગતા સામાનનો જથ્થો મળી કુલ રૂ. ૨૭૯૨ નો મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરો છે. હાલ ડોલવણ પોલીસે ઇગજજ ૧૨૫ અને ગુજરાત મેડિકલ પ્રેક્ટીશનર એક્ટ કલમ ૩૦ હેઠળ ગુનો નોંધીને નકલી તબીબની ધરપકડ કરી છે.

આરોપી અગાઉ ડોલવણ તાલુકામાં મોટર સાઈકલ પર દર્દીઓનાં ઘરે જઈ સારવાર ર્ક્યો હોવાનું સ્થાનિક પાસેથી જાણવાં મળ્યું મળ્યું હતું. નકલી ડોક્ટર સોમનાથ પટેલ (મૂળ રહે. રાયખેડ ગામ તા. શહાદા જિ. નંદુરબાર મહારાષ્ટ્ર) નો રેહવાસી હોવાનું સામે આવ્યું છે. આરોપી તબીબ છેલ્લા ૩-૪ વર્ષથી તે ડોક્ટર તરીકે પ્રેક્ટીસ કરતો હતો. હાલ પોલીસે સમગ્ર મામલે ગુનો નોંધીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

મહત્વનું છે કે, હજુ ગત ૪ દિવસ પહેલાં જ તાપીના વ્યારામાં મા કામલ નર્સિંગ સ્કૂલ નકલી હોવાનું સામે આવ્યું હતું. નકલી નર્સિંગ સ્કૂલ નકલી ડોકટરનું ક્લિનિક ચલાવતા હોવાનું સામે આવ્યું છે. ત્યારે હજુ પણ તાપી આવા કેટલા બોગસ ડોક્ટર અને નર્સિંગ સ્કૂલ છે તે જોવાનું રહ્યું...!

## સોનગઢ તાલુકાની મોડેલ સ્કુલ ડોસવાડા ખાતે

# તમાકુ નિષેધ વિષયક વક્તૃત્વ સ્પર્ધા યોજી વિદ્યાર્થીઓને ઇનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં



**સોનગઢ** -સોનગઢ તાલુકાની મોડેલ સ્કુલ ડોસવાડા ખાતે આચાય આશાબેન ચૌધરી અને શિક્ષકગણની ઉપસ્થિતિમાં ૨૫૮ જેટલા વિદ્યાર્થીઓને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર-બંધારપાડાનાં MPHS શૈલેશભાઈ તેમજ સ્ટાફ અને જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ-તાપીનાં કર્મચારીઓ દ્વારા શાળાનાં વિદ્યાર્થીઓને તમાકુના વ્યસન તરફ જતા અટકાવવા તેમજ અન્ય પરિવારનાં સભ્યોમાં તમાકુ વ્યસન અટકાવવા માટે આઈ. ઇ. સી. કેમ્પેઇન-જેમ કે તમાકુનાં વ્યસનથી થતાં શારિરિક, આર્થિક અને સામાજીક નુકસાન વિશે જાગૃત કરવામાં આવ્યાં હતા. તેમજ તમાકુ નિયંત્રણ અધિનિયમ ૨૦૦૩ નાં કાયદા બાબતે જાગૃતિ આવે એ હેતુસર પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન અને વિડિયો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તમાકુ નિષેધ વિષયક વક્તૃત્વ સ્પર્ધા યોજી વિદ્યાર્થીઓને ઇનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતા. અંતે બાળકોને તમાકુ નિષેધ અંગે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. ત્યારબાદ શાળાની આસપાસનાં દુકાનદારોને COTPA-૨૦૦૩ ની કલમ ૬-બ નું પાલન કરવા જણાવવામાં આવ્યું હતું.

# ભરૂચ જિલ્લાના સાયખાના ૭ વર્ષિય વિહાનસિંહે કરાટેમાં ગોલ્ડ મેડલ મેળવ્યો

**ભરૂચ :** ભરૂચના સાયખાના રહેવાસી ૭ વર્ષના વિહાનસિંહ કરણસિંહે રાજે ૭ મો વાડો ઈન્ડિયન નેશનલ કરાટે ચેમ્પિયનશીપ-૨૦૨૪ માં (કુમુતે ફાઈટમા) ગોલ્ડ મેડલ અને કાટામા બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે. રીલાયન્સ કંપનીમાં જોબ કરતા કરણસિંહ રાજના ૭ વર્ષના દીકરો વિહાનસિંહ કરાટે સ્પોર્ટમાં પહેલાથી શોખ હતો. જો કે એક વર્ષ અગાઉ પણ ગુજરાત સ્ટેટ લેવલે કરાટેમાં ગોલ્ડ મેડલ મેળવયો હતો. હવે નેશનલ લેવલે કરાટેમાં ગોલ્ડ મેડલ મેળવતા આનંદની લાગણી ફેલાઈ છે.



# માંડવી કચેરી રોડ પર રખડતા ઢોરોના ધણના કારણે અકસ્માત



માંડવી- માંડવી નગરમાં છેલ્લા ઘણા વર્ષોથી રખડતા પશુઓનો ત્રાસ વધી રહ્યો છે ત્યારે પાલિકા શાસકો દ્વારા કોઈ નક્કર પગલાં ન લેવાતા અકસ્માતની જાણે વણઝારો સર્જાઈ રહી છે.માંડવી નગરમાં રહેણાંક વિસ્તારમાં તથા મુખ્ય માર્ગો પર પશુઓનો અડીંગો મોટી સંખ્યામાં વધી રહ્યા છે છેલ્લા ઘણા વર્ષોથી આ સમસ્યા વકરી રહે છે છતાં પણ જે તે સમયના શાસકો યેનકેન પ્રકારે આ સમસ્યાને નજર અંદાજ કરતા રહેતા હોય છે. જેના લીધે અકસ્માતોની ઘટનાઓ વારંવાર બનતી રહે છે. નસીબજોગે કોઈ જીવલેણ અકસ્માત સર્જાયો નથી.

માંડવીના કચેરી રોડ ઉપર થોડા દિવસો પહેલા એક નિવૃત્ત કર્મચારી ચાલવા નીકળ્યા હતા. તેને પણ ઢોર દ્વારા અડફટમાં લઈ લેતા ઇજાઓ પહોંચી હતી. આજરોજ કચેરી સમય દરમિયાન જ પશુઓના અડીંગા વચ્ચે બે આખલાઓ લડી રહ્યા હતા.

બાઈક સવારો બચીને ભાગી છુટ્યા હતા કોઈ દુર્ઘટના સર્જાઈ ન હતી. ત્યારે પાલિકા દ્વારા સમસ્યાના નિવારણ માટે કોઈ નક્કર પગલા લેવામાં આવે એની લોકમાંગ ઉઠી છે.

# ડોક્ટરના પ્રિસ્ક્રીપ્શન વગર નશાકારક સીરપનું વેચાણ કરતા મેડિકલ સંચાલક વિરુદ્ધ કાર્યવાહી કરી

બારડોલી- સુરત જિલ્લા એસઓજી પોલીસે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગને સાથે રાખીને મેડીકલ સ્ટોર્સ પર દરોડો પાડ્યો હતો. મેડીકલ સ્ટોરમાં ડોક્ટરના પ્રિસ્ક્રીપ્શન વગર નશાકારક સીરપનું વેચાણ થતું હોવાનું ધ્યાને આવતા આ મામલે કાયદેસરની કાર્યવાહી કરી હતી.




મળતી માહિતી મુજબ સુરત જિલ્લા એસઓજી પોલીસની ટીમે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીને સાથે રાખીને કડોદરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા વાકાનેડા ગામે આવેલા શિવ સાંઈ રેસીડેન્સી ખાતે આવેલા શ્રી ગણેશ મેડીકલ અને જનરલ સ્ટોરમાં તપાસ કરી હતી. જયાં ડોક્ટરના પ્રિસ્ક્રીપ્શન વગર નશાકારક દવાનું વેચાણ કરતા સંચાલક દેવીસિંગ પદમસિંગ ગીરાસે મળી આવતા પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

પોલીસે મેડીકલ સ્ટોરમાંથી ૭૮૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત ર્ક્યો હતો. તેમજ શ્રી ગણેશ મેડીકલ અને જનરલ સ્ટોરમાંથી મળી આવેલા ડોક્ટરના પ્રિસ્ક્રીપ્શન વગર વેચાણ કરતો નશાકારક સીરપ અને નશાકારક ટેબલેટના જથ્થા બાબતે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા આગળની તપાસ ધરવામાં આવી છે.

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...
આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્ટ્રકશન ના બાંધકામ માટે સંપર્ક કરો...!!!
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફલોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).